# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-09-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

******************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓડિશામાં 60 હજાર કરોડ રૂપિયાથી વધુની અનેક પરિયોજનાનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો
2. પ્રધાનમંત્રીએ ગુજરાતના ઉધના અને ઓડિશાના બહરામપુર વચ્ચે અમૃત ભારત એક્સપ્રેસને વર્ચ્યુઅલી લીલી ઝંડી આપી પ્રારંભ કરાવ્યો.
3. વિધાનસભા ચૂંટણી પહેલા બિહારમાં રાજકીય ગતિવિધિઓ વેગ પકડ્યો
4. ન્યૂયોર્કમાં મળેલી 13મી ભારત, બ્રાઝિલ, અને દક્ષિણ આફ્રિકાના વિદેશમંત્રીઓની બેઠકમાં પહેલગામ આતંકવાદી હુમલાની સખત નિંદા કરાઇ.
5. દક્ષિણ કોરિયામાં વિશ્વ તીરંદાજી પેરા ચેમ્પિયનશિપમાં મહિલા કમ્પાઉન્ડ વ્યક્તિગત સ્પર્ધામાં શીતલ દેવીએ ઇતિહાસ રચ્યો

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM ODISSA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓડિશાના ઝારસુગુડામાં 60 હજાર કરોડ રૂપિયાથી વધુની અનેક પરિયોજનાનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. આ પરિયોજનામાં ટેલિકોમ્યુનિકેશન, રેલ્વે, ઉચ્ચ શિક્ષણ, આરોગ્યસંભાળ, કૌશલ્ય વિકાસ અને ગ્રામીણ આવાસ સહિત વિવિધ ક્ષેત્રોને આવરી લે છે. શ્રી મોદીએ ગુજરાતના સુરતમાં ઉધના અને ઓડિશાના બહરામપુર વચ્ચે અમૃત ભારત એક્સપ્રેસને વર્ચ્યુઅલી લીલી ઝંડી પણ આપી હતી. આ પ્રસંગે રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલ ઉધના રેલ્વે સ્ટેશન પર હાજર હતા. આ ટ્રેન ઓડિશા, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર અને ગુજરાત સહિત અનેક રાજ્યોને જોડશે. આ પ્રસંગે બોલતા, પ્રધાનમંત્રીએ ઓડિશા અને ગુજરાત વચ્ચે જોડાણના મહત્વ પર ભાર મૂક્યો.

(બાઇટ - પીએમ સુરત બ્રહ્મા )

જાહેર સભાને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે ડબલ એન્જિન સરકાર હેઠળ ઓડિશા ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે.

(બાઇટ - પીએમ બીએસએનએલ )

પ્રધાનમંત્રીએ કહ્યું કે કેન્દ્ર સરકારે તાજેતરમાં રાજ્યમાં બે સેમિકન્ડક્ટર યુનિટને મંજૂરી આપી છે. શ્રી મોદીએ કહ્યું કે 2017 માં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) લાગુ થયા પછી, કરનો બોજ નોંધપાત્ર રીતે ઓછો થયો છે, જેનાથી નાગરિકો પર નાણાકીય દબાણ ઓછું થયું છે.

પ્રધાનમંત્રીએ BSNL દ્વારા સ્થાપિત 97 હજાર પાંચથી વધુ નવા સ્વદેશી 4G મોબાઇલ ટાવરનું પણ ઉદ્ઘાટન કર્યું.

પ્રધાનમંત્રીએ બરહમપુર MKCG મેડિકલ કોલેજ અને બુર્લા-સંબલપુરમાં VIMSAR ને વિશ્વ કક્ષાની સુપર-સ્પેશિયાલિટી હોસ્પિટલોમાં અપગ્રેડ કરવાની યોજનાની પણ જાહેરાત કરી.

. . . . . . . . . . . . .

## RAIL MANTRI - GUJARAT

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે ગુજરાતના સુરતના ઉધના રેલ્વે સ્ટેશનનું અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો પહેલો ભાગ સુરતથી બિલીમોરા સુધી શરૂ કરવામાં આવશે.

(બાઇટ-અશ્વિની વૈષ્ણવ-22 સેકન્ડ. )

. . . . . . . . . . . . .

## PRIME MINISTER - GST ARTICLE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વસ્તુ અને સેવા કર - GST સરળીકરણ અને નાગરિક-પ્રથમ માળખાગત વિકાસની પરિવર્તનકારી અસર પર એક લેખનો ઉલ્લેખ કર્યો. કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરી દ્વારા લખાયેલ આ

લેખને સોશિયલ મીડિયા પર શેર કરતા શ્રી મોદીએ કહ્યું કે GST સરળીકરણ અને નાગરિક-પ્રથમ માળખાગત સુવિધા શિસ્તબદ્ધ આયોજન, વિગતો પર ધ્યાન અને પ્રતિબદ્ધતા દર્શાવે છે. તેમણે કહ્યું કે GSTનો લાભ દરેક નાગરિક સુધી પહોંચે.

. . . . . . . . . . . . .

## BIHAR - POLITICS

વિધાનસભા ચૂંટણી પહેલા બિહારમાં રાજકીય ગતિવિધિઓ વેગ પકડ્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહ બિહારની મુલાકાતના બીજા દિવસે પાર્ટીના કાર્યકરો અને નેતાઓ સાથે ચર્ચા કરી રહ્યા છે. તેમણે સમસ્તીપુરમાં પાર્ટીના નેતાઓ અને કાર્યકરો સાથે ચૂંટણી રણનીતિઓની ચર્ચા કરી.

બેઠક દરમિયાન, શ્રી શાહે NDA ની અંદર એકતા પર ભાર મૂક્યો અને કાર્યકર્તાઓને વિધાનસભા ચૂંટણીમાં પાર્ટી માટે જંગી વિજય સુનિશ્ચિત કરવા વિનંતી કરી. દરમિયાન, રાષ્ટ્રીય નેતા તેજસ્વી પ્રસાદ યાદવે પટણામાં અધિકાર સંમેલનનું આયોજન કરી રહ્યા છે.

દરમિયાન, AIMIMના વડા ઓવૈસીએ સીમાંચલ ક્ષેત્રના અનેક જિલ્લાઓમાં કાર્યકર્તા સંમેલનોનું આયોજન કર્યું છે.

. . . . . . . . . . . . .

## PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમમાં  વિવિધ વિષય પર પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 126મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન AIR મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ થશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્ર પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

.......................................

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ

newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

## SEVA PARV

અમારી ખાસ શ્રેણી - 'સેવા પર્વ' માં, આજે અમે તમને મોદી સરકારે ઇતિહાસને સાચવતા, દેશભક્તિને પ્રેરણા આપતા અને પેઢીઓને બલિદાનની ભાવના સાથે જોડતા સ્મારકોનું નિર્માણ કરીને ભારતના વારસા અને નાયકોનું સન્માન કેવી રીતે કર્યું છે. આ અંગે એક અહેવાલ સાંભળીએ.

(વોઇસકાસ્ટ-અજય ઇન્દ્રેકર)

એક રાષ્ટ્રનું નિર્માણ તેના નાયકો, સ્વતંત્રતા સેનાનીઓ, વિચારકો અને વારસાના રક્ષકોની હિંમતથી થાય છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સરકારે પ્રતિષ્ઠિત સ્મારકો અને રાષ્ટ્રીય ગૌરવના પ્રતીકો દ્વારા ભારતના વારસા અને તેના નાયકોનું સન્માન કર્યું છે. પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વ હેઠળ, હાલના સ્મારકોનું પુનઃસ્થાપન કરવામાં આવ્યું છે અને નવા બનાવવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી મોદીએ નવી સંસદ ભવનનું ઉદ્ઘાટન કરતી વખતે આવા પ્રતીકોના મહત્વ પર ભાર મૂક્યો હતો.

(પીએમ બાઈટ - 2021 આઈડી સ્પીચ)

અમૃતસરમાં, નવીનીકૃત જલિયાંવાલા બાગ સ્મારક સ્વતંત્રતા સંગ્રામના સૌથી કાળા પરંતુ નિર્ણાયક પ્રકરણોમાંના એકની સ્મૃતિને જીવંત રાખે છે. તીન મૂર્તિ એસ્ટેટમાં, પ્રધાનમંત્રી સંગ્રહાલય ભારતના પ્રધાનમંત્રીઓની યાત્રાનું વર્ણન કરે છે.

ભવ્ય ભારત મંડપમ વૈશ્વિક વાતાવરણમાં સભ્યતાના વૈભવને પ્રતિબિંબિત કરે છે. આ ફક્ત માળખાં નથી, પરંતુ ભૂતકાળ અને ભવિષ્ય વચ્ચે જીવંત પુલ છે, બલિદાનનું સન્માન કરે છે, નેતૃત્વની ઉજવણી કરે છે અને ભારતની યાત્રાને માર્ગદર્શન આપતા શાશ્વત મૂલ્યોને પુષ્ટિ આપે છે. વિષ્ણુના અહેવાલ સાથે અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર અમદાવાદ

. . . . . . . . . . . . .

## GST

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલા GST બચત મહોત્સવ, સમાજના તમામ વર્ગોને લાભ આપી રહ્યો છે. સાંભળીએ અહેવાલ:

(કેપ્સ્યુલ - સૌમ્ય - 01 મિનિટ 25 સેકન્ડ.)

***નવા GST સુધારાઓ હેઠળ, જીમ અને ફિટનેસ સેન્ટરો પરનો GST 18 ટકાથી ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યો છે. આ ઘટાડાથી જીમ સભ્યપદમાં વધારો થવાની અને જીમ માલિકોની આવકમાં વધારો થવાની અપેક્ષા છે. વધુમાં, નવા GST માળખામાં દૂધ આધારિત પીણાં અને સૂકા***

*ફળો જેવા સ્વસ્થ ખોરાક પર પણ 5 ટકાનો દર લાદવામાં આવ્યો છે, જે સ્વાસ્થ્ય પ્રત્યે સભાન મધ્યમ વર્ગના પરિવારોને કર રાહત આપે છે. આકાશવાણી સાથેની વાતચીતમાં રહેવાસી આકાંક્ષાએ GST ઘટાડવાના સરકારના નિર્ણયનું સ્વાગત કર્યું.*

*(બાઇટ- આકાંક્ષા)*

*પ્રધાનમંત્રી મોદીએ આ મહિનાની 21મી તારીખે નાગરિકોને સ્વદેશી ઉત્પાદનો અપનાવવા અને ઘરેલુ ઉદ્યોગો, નાના ઉત્પાદકો, સ્થાનિક કારીગરો અને સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ – MSME ને પ્રોત્સાહન આપવા વિનંતી પણ કરી.*

*સૌમ્યા શરણની સાથે કરણ પરમાર આકાશવાણી અમદાવાદ.*

. . . . . . . . . . . . .

# JAISHANKAR- IBSA

ન્યુ યોર્કમાં યુએન જનરલ એસેમ્બલીની બાજુમાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર, બ્રાઝિલના વિદેશ મંત્રી મૌરો વિએરા અને દક્ષિણ આફ્રિકાના મહિલા, યુવા અને વિકલાંગ લોકો મંત્રાલયના પ્રમુખ મંત્રી સિંદિસિવે ચિકુંગાએ એક બેઠક યોજી હતી. 13મી IBSA ત્રિપક્ષીય મંત્રી આયોગની બેઠકના મીડિયા નિવેદનમાં, મંત્રીઓએ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં તાજેતરના આતંકવાદી હુમલામાં નાગરિકોની ક્રૂર હત્યાની સખત નિંદા કરી. , આતંકવાદ માટે શૂન્ય સહિષ્ણુતાનો આગ્રહ કર્યો, . તેમણે આ ક્ષેત્રમાં સંયુક્ત રાષ્ટ્રની કેન્દ્રીય સંકલન ભૂમિકા પર ભાર મૂક્યો અને યુએન જનરલ એસેમ્બલીના માળખામાં આંતરરાષ્ટ્રીય આતંકવાદ

પર વ્યાપક સંમેલન બોલાવવાના મહત્વનો પુનરોચ્ચાર કર્યો. મંત્રીઓએ આતંકવાદીઓ અને આતંકવાદી સંસ્થાઓ સામે નક્કર કાર્યવાહી કરવા હાકલ કરી.

. . . . . . . . . . . . .

## PARA ARCHERY

દક્ષિણ કોરિયાના ગ્વાંગજુમાં યોજાયેલી વર્લ્ડ તીરંદાજી પેરા ચેમ્પિયનશિપમાં મહિલા કમ્પાઉન્ડ વ્યક્તિગત સ્પર્ધામાં શીતલ દેવીએ વિશ્વની નંબર વન પેરા-તીરંદાજ તુર્કીની ઓઝનુર ક્યોર ગિર્ડીને હરાવીને ઇતિહાસ રચ્યો. શીતલ આ સ્પર્ધામાં એકમાત્ર હાથ વગરની પેરા-તીરંદાજ છે. તે નિશાન તાકવામાં તેના પગનો ઉપયોગ કરે છે. સ્પર્ધામાં આ તેનો ત્રીજો ચંદ્રક છે.

આ પહેલા, શીતલ અને સરિતાએ કમ્પાઉન્ડ મહિલા ઓપન ટીમ સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો હતો. વધુમાં, શીતલ, તોમન કુમાર સાથે મળીને, કમ્પાઉન્ડ મિશ્ર ટીમ સ્પર્ધામાં પણ કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

. . . . . . . . . . . . .